ગાંધીનગર સમાચાર

**ઘઉં અને દિવેલાના ભાવમાં ઘટાડો નોંધાતા ખેડૂતોમાં નિરાશા**



કીડ્ઝ ફેશન-શૉ - ગાંધીનગરમાં પ્રથમવાર યોજાયેલ કીડ્ઝ ફેશન-શૉને પ્રોત્સાહક પ્રતિસાદ મળ્યો હતો... બાળકોએ આગવી અદાથી કેટ-વૉક કરી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા... ઈન્ફોસીટી ખાતે યોજાયેલ આઈ.એન.એફ.ડી. દ્વારા બાળકોને પ્રોત્સાહિત કરવાના અભિગમને સારો આવકાર મળ્યો હતો... (તસવીર : કશ્યપ નિમાવત)

# ફેશન-શૉમાં બાળકોએ આગવી અદામાં વૉક કર્યુ

**આઈ.એન.એફ.ડી.દ્વારા તૈયાર કરાયેલા ડીઝાઈનર ડ્રેસીસને રજુ કરવા માટે નગરમાં પ્રથમવાર ઈન્ફોસિટીમાં કીડસ ફેશન-શૉ યોજાયો**

ગાંધીનગર તા ૩

ગાંધીનગરમાં આઈ એન આઈ એફ ડી માં ડીઝાઈન તેમજ ઈન્ટીરીયર ડીઝાઈનના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલા ડ્રેસીસને અનુલક્ષી આજે ઈન્ફોસિટી ખાતે કિડસ ફેશન શો યોજવામાં આવ્યો હતો. શહેરમાં પ્રથમવાર રેમ્પ પર વોક કરતા બાળકોએ અનોખુ આર્કષણ ઉભુ કર્યુ હતુ. આ ફેશન શો માં ૨૬ થી વધુ બાળકોએ ભાગ લીધો હતો. જયારે આ દરમિયાન ઈન્ડીયન આઈડોલના ફાઈનાલીસ્ટ નિર્વેશ દવેએ હાજરી આપી બાળકોને પ્રોત્સાહીત કર્યા હતા.

ગાંધીનગર આઈ એન આઈ એફ ડીના સેન્ટર ડાયરેકટર વિશાલ મકવાણાએ જણાંવ્યુ હતુ કે સંસ્થામાં ફેશન ડીઝાઈન તેમજ ઈન્ટીરીયર ડીઝાઈનના ૧ થી ૩ વર્ષના પ્રોફેશનલ કોર્ષ કાર્યરત છે.ઈટાલી ખાતે વર્ષ ૧૯૬૧માં શરૂ થયેલી આ સંસ્થા ડી મોડા બુર્ગા જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થા સાથે સહયોગ ધરાવે છે. જયારે આઈ એન આઈ એફ ડીના ચીફ મેન્ટોર બોલીવુડની જાણીતી અભિનેત્રી ટવિન્કલ ખન્ના છે. નવી પેઢીને ફેશન ડીઝાઈનીંગ ક્ષેત્રે ગુણવત્તાભર્યુ શિક્ષણ મળે અને તાલીમના આધારે તેમને રોજગારીની તકો મળે તેવા આશયથી ધોરણ-૧૧ અને ૧૨ બાદ કોઈપણ પ્રવાહના વિદ્યાર્થીઓને આ કોર્ષમાં પ્રવેશ આપવામાં આવે છે. આઈ એન આઈ એફ ડી ના ફેશન ડીઝાઈન તેમજ ઈન્ટીરીયર ડીઝાઈનના વિદ્યાર્થીઓ દ્વારા ૩ થી ૮ વર્ષના બાળકો માટે તૈયાર કરાયેલા ડીઝાઈનરને પ્રેઝન્ટ કરવા માટે ઈન્ફોસિટી ખાતે એક ખાસ ફેશન શો નુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ૨૬ થી વધુ બાળકોએ રેમ્પ પર આગવી અદામાં વોક કરીને શ્રોતાઓને દંગ કરી દીધા હતા.

આ તબક્કે ઈન્ડીયન આઈડોલના ફાઈનાલીસ્ટ નિર્વેશ દવેએ વિશેષ હાજરી આપી બાળકોને પ્રોત્સાહીત કર્યા હતા. સંસ્થાના સેન્ટર ડાયરેકટર વિશાલ મકવાણાએ વધુમાં જણાંવ્યુ હતુ કે સંસ્થાના વિદ્યાર્થીઓ દ્વારા છેલ્લા ત્રણ મહીનામાં આ ડીઝાઈનર ડ્રેસીસ તૈયાર કર્યા છે. આ તબક્કે તેમણે વિદ્યાર્થીઓની પ્રવૃતિને બિરદાવી હતી.

# આજે મનપાની ચૂંટણી માટે જાહેરનામુ

**શહેરમાં ૨૦થી વધુ સ્થાનો પર જાહેરનામું પ્રસિદ્ધિ કરાશે : ઉમેદવારીપત્ર આજથી ભરાશે : ઉમેદવારી પત્ર ભરવા માટે પાંચ જ દિવસનો ગાળો : રાજકીય ઉત્તેજનાઓ વચ્ચે પાટનગરમાં ઉમેદવારોની પસંદગી માટે પક્ષોમાં પણ કશ્મકશ : પંચ મતદારોની જાગૃતિ માટે અભિયાન છેડશે**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર મહાનગરપાલિકાની દ્વિતીય સામાન્ય ચૂંટણી અંગેનું આજે વિધિવત્ જાહેરનામુ પ્રસિદ્ધ થશે અને તે સાથે જ ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયાનો પણ પ્રારંભ થશે.

સામાન્યતઃ ઉમેદવારીપત્ર ભરવા માટે સાત દિવસનો સમયગાળો હોય છે પણ કાયદામાં કરાયેલી જોગવાઈઓને ધ્યાને રાખી આ ચૂંટણીમાં પાંચ જ દિવસ ઉમેદવારી પત્ર ભરવા માટે આપવામાં આવ્યા છે.

આ ચૂંટણીમાં બે મુખ્ય રાજકીય પક્ષો ઉપરાંત પણ સ્થાનિક પક્ષો અને અન્ય રાજકીય પક્ષો ચૂંટણીમાં ઝંપલાવે તેવી શક્યતાઓ નકારી શકાતી નથી. આ વખતની ચૂંટણીને લઈ રાજકીય ઉત્તેજનાઓ શહેરભરમાં જોવા મળ રહી છે અને તેથી જ આગામી ૨૦ દિવસમાં પાટનગરમાં રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચશે તેમ મનાઈ રહ્યું છે.

બન્ને મુખ્ય સ્પર્ધક પક્ષો ભાજપ-કોંગ્રેસ દ્વારા ઉમેદવારોની પસંદગી અંગેની પ્રક્રિયા વેગીલી બનાવી છે. ભાજપ દ્વારા બે થી ત્રણ વોર્ડના ઉમેદવારોની સંભવિત પેનલ તૈયાર થઈ ગઈ હોવાનું મનાઈ રહ્યું છે. તો કોંગ્રેસ પક્ષ દ્વારા પ્રદેશ નિરીક્ષકો, સ્થાનિક નીરીક્ષકો વચ્ચે બેઠકોનો સિલસિલો અને ઉમેદવારની ક્ષમતાને લઈ ચકાસણી ચાલી રહી છે. બન્ને પક્ષો દ્વારા ૬ઠ્ઠી અથવા સાતમીએ પ્રથમ યાદી જાહેર કરવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

દરમ્યાન ચૂંટણીને લઈ તંત્રએ તેની પ્રાથમિક તૈયારીઓ પુરી કરી દીધી છે. આજે જાહેરનામુ પ્રસિદ્ધ થતાં જ ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ થશે. શહેરમાં ચોરે ને ચૌટે ઉમેદવારોને લઈ ચર્ચાઓ ચાલે છે.

તંત્ર દ્વારા આજે મનપાની વોર્ડ કચેરીઓ, મનપાની વડી કચેરી, કલેકટર ઓફિસ, મામલતદાર ઓફિસ, જિલ્લા પંચાયત કચેરી સહિતના સ્થળોએ જાહેરનામુ પ્રસિદ્ધ કરાશે. આ ચૂંટણી માટે બે મહિલા અધિકારીઓ ચૂંટણી અધિકારી તરીકે ફરજ બજાવી રહ્યા છે.

પંચ દ્વારા ઈ.વોટર્સના રજીસ્ટ્રેશનની ઝુંબેશનો પ્રારંભ કરી દેવાયો છે. ગઈ વખતની ચૂંટણીમાં ૬૭૦ ઈ.વોટર્સ નોંધાયા હતા. આ વખતે આ સંખ્યા એક હજારને પાર કરે તેવી શક્યતાઓ દેખાઈ રહી છે.

નવા સીમાંકન અને નવા નિયમો સાથે યોજાઈ રહેલી આ ચૂંટણીએ સમગ્ર શહેરમાં રાજકીય ઉત્તેજના જગાવી છે. ૧,૫૦,૬૬૭ મતદારો આ ચૂંટણીમાં તેમના મતાધિકારનો ઉપયોગ કરશે. આ ચૂંટણી માટે ૨૪૨ ઈ.વીએમ પણ તૈયાર રખાયા છે.

૨૦૨ મતદાન મથકો અંગેની આખરી પ્રસિદ્ધિ પંચ દ્વારા એક-બે દિવસમાં કરી દેવાશે. રાજકીય પક્ષો સાથે પરામર્શ બેઠક પણ તંત્રએ કરી લીધી છે. શહેરમાં ૬૦ થી વધુ સ્થાનો પર આ મતદાન મથકો નિયત કરાયા છે.

શહેરમાં સૌથી વધુ મતદારો વોર્ડ નં. ૮માં નોંધાયેલા છે જ્યારે સૌથી ઓછા મતદારો ૧૫૮૮૫ નોંધાયેલા છે. શહેરમાં આ વખતે ચૂંટણીમાં મતદાનની ટકાવારીમાં વધારો થાય તે માટે પંચ દ્વારા મતદાર જાગૃતિ અભિયાન પણ છેડવાનુ છે.



(તસવીર : વિનોદ રાઠોડ)

તડામાર તૈયારીઓ - આગામી દિવસોમાં ભાજપ ચૂંટણીમય બની જશે એના અણસાર આ તસવીર આપે છે... ભાજપના ધ્વજ જથ્થાબંધના સ્ટોકમાં તૈયાર થઈ રહ્યા છે... ભાજપના સ્થાપના દિવસે તથા ચૂંટણી માટે ઉપયોગમાં લઈ શકાય એટલી મોટી સંખ્યામાં અલગ અલગ સાઈઝમાં પક્ષના ધ્વજ તૈયાર કરાઈ રહ્યા છે.

# ગાંધીનગરમાં ૬-એપ્રિલે ભાજપની ગૌરવકૂચ યાત્રા

**સેક્ટર-૨૨ના ગરબા ગ્રાઉન્ડથી શરૂ થનારી આ યાત્રામાં અમદાવાદ-ગાંધીનગર જિલ્લાના કાર્યકરો જોડાશે : યાત્રાને અંતે સે. ૨૨માં જાહેરસભા : રાષ્ટ્રવાદની જાગૃતિનું અભિયાન**

ગાંધીનગર, તા. ૩

આગામી ૬ઠ્ઠી એપ્રિલના રોજ ભાજપના કાર્યકરો દ્વારા ગાંધીનગરમાં ગૌરવકૂચનું આયોજન કરવામાં આવ્યું છે.

પ્રદેશ ભાજપની યાદીમાં જણાવ્યા મુજબ ગાંધીનગરમાં સે. ૨૨ના ગરબા ગ્રાઉન્ડથી શરૂ થનારી આ ગૌરવકૂચ ઘ-૬, સે. ૩૦, થઈ અક્ષરધામ થઈ સે. ૨૧માં થઈ સે. ૨૨માં પરત ફરશે.

સ્થાપના દિવસની ઉજવણીના ભાગરૂપે યોજાયેલ આ કૂચનો પ્રારંભ સાંજે ૫ વાગે થશે. આ ગૌરવકૂચમાં ગાંધીનગર ઉપરાંત અમદાવાદ જિલ્લાના ચુનંદા કાર્યકરો જોડાશે. પાંચ હજારથી વધુ કાર્યકરો આ યાત્રામાં જોડાશે. રાજ્યના ૧૮ જિલ્લાઓમાં આ ગૌરવકૂચનું આયોજન કરવામાં આવ્યું છે.

સે. ૨૨માં કૂચ પરત ફરે ત્યારબાદ તે સભાના રૂપમાં ફેરવાશે અને ત્યાં રાજ્યના રાજ્યકક્ષાના આરોગ્ય મંત્રી શ્રી શંકરભાઈ ચૌધરી કાર્યકરોને સંબોધન કરશે.

આ ગૌરવકૂચ દરમ્યાન રાષ્ટ્રવાદને જાગૃત કરતા સૂત્રોચ્ચાર તેમજ પ્લેકાર્ડ કાર્યકરોના હાથમાં હશે. ભાજપ દ્વારા શહેરમાં ૧૦ હજાર જેટલા કાર્યકરોના નિવાસસ્થાને ભાજપના ધ્વજ પણ ફરકાવવામાં આવશે. આ ગૌરવકૂમાં ભાજપના કાર્યકર્તાઓ માટે વિશેષ ડ્રેસકોડ પણ રાખવામાં આવ્યો છે.

ગાંધીનગરમાં આવી રહેલી મહાનગરપાલિકાની ચૂંટણી પૂર્વે ભાજપ દ્વારા આ શક્તિ પ્રદર્શન હશે તેવું રાજકીય વર્તુળો માની રહ્યા છે. ભાજપના ૩૬મા સ્થાપનાદિનની અનોખી રીતે ઉજવણી કરી અને જાહેર પ્રચાર અભિયાનના શ્રી ગણેશ પણ આ દિવસથી કરાય તેમ મનાઈ રહ્યું છે.

# સેકટરોમાં કંગાળ ભાસતા સાઈન બોર્ડસ હજુ પણ યથાવત

**સાઇન બોર્ડસ પાછળ લાખોનો ખર્ચ થયો છતા જુના બિનઉપયોગી બોર્ડ દુર કરાયા નથી**

ગાંધીનગર તા ૩

શહેરમાં સેકટરોની ઓળખ દર્શાવતા જુના બોર્ડસ હજુ પણ યથાવત ખર્ચવામાં આવ્યા છે. આમછતા આ પ્રકારના કંગાળ બોર્ડસ દુર કરવામાં આવ્યા નથી.

હાલની સ્થિતિએ પણ સેકટરોમાં આ પ્રકારના સાઈન બાર્ડસ કંગાળ ભાસી રહયા છે. નવા બોર્ડસ તેમજ સાઈન



છે. જયારે નગરને સ્માર્ટ સીટી બનાવાના શમણા સેવાઈ રહયા છે. ત્યારે કાટખાઈ ગયેલા જાહેર સુચના દર્શાવતા બોર્ડસ પણ હજુ કંગાળ હાલતમાં જોવા મળી રહયા છે. શહેરમાં ઘણાં ઠેકાણે કંગાળ બોર્ડ દુર કરવામાં આવ્યા નથી.એકબાજુ શહેરના બ્યુટીફીકેશન પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહયો છે.જયારે સેકટરોમાં પણ બોર્ડ લગાવવા માટે લાખો રૂપિયા

શહેરમાં ગત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન સાઈન બોર્ડસ તેમજ રસ્તાઓના નવા નામાભિધાનની ઓળખ માટે લાખો રૂપિયાના ખર્ચે નવા બોર્ડસ મુકવામાં આવ્યા હતા.જયારે અગાઉ સેકટરોમાં પણ દીશાસુચક બોર્ડ મુકવામાં આવ્યા હતા. પરંતુ આ દરમિયાન સેકટરોનો ચિતાર દર્શાવતા જુના સાઈન બોર્ડસ પણ દુર કરવામાં આવ્યા ન હતા.

બોર્ડસ માટે લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. આમછતા સેકટરોમાં હજુ પણ જાહેર સુચના દર્શાવતા કંગાળ બોર્ડસ યથાવત છે. શહેરને સ્માર્ટસીટી બનાવવા શમણાં સેવાઈ રહયા છે.ત્યારે લાખોના ખર્ચે વિવિધ ઠેકાણે મુકાયેલા સાઈન બોર્ડસના અંતે પણ જુના સાઈન બાર્ડસને દુર કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

# ઘઉં અને દિવેલાના ભાવમાં ઘટાડો નોંધાતા ખેડૂતોમાં નિરાશા

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં પ્રતિકૂળ હવામાનને પગલે ઘઉંના ઉત્પાદનમાં ૧૦ ટકા જેટલો ઘટાડો નોંધાયા પછી ઘઉંના ભાવમાં તેમજ દિવેલાના ભાવમાં પણ કડાકો નોંધાતા ખેડૂતોમાં નિરાશાનું મોજુ પ્રસરી જવા પામ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં ઘઉં અને દિવેલા એ મુખ્ય પાક ગણાય છે, પરંતુ આ વખતે આ બન્ને પાકના ઉત્પાદનના ભાવમાં ગત વર્ષની તુલનામાં ભારે ઘટાડો જોવા મળી રહ્યો છે. ઘઉંના ભાવમાં રૂ. ૫૦ થી લઈ રૂ. ૮૦ સુધીનો ઘટાડો જોવા મળી રહ્યો છે. ત્યારે દિવેલાના ભાવમાં રૂ. ૧૦૦થી ૨૦૦ સુધીનો ઘટાડો જોવા મળી રહ્યો છે.

ભાવમાં ઘટાડો નોંધાતા ખેડૂતોમાં નિરાશાનું મોજુ પ્રસરી જવા પામ્યુ છે. આ પાકોના ઉત્પાદન પછી ખેડૂતોને મહેનતનું જે ફળ મળવુ જોઈએ તે ન મળી રહ્યુ હોવાથી આ નિરાશા હવે ખેડૂતોના ચહેરા પર છલકાઈ રહી છે.

ગાંધીનગર જિલ્લામાં ૩૨ હજાર હેક્ટરમાં ઘઉંના પાકનું વાવેતર થયું હતું પરંતુ ઠંડી જે પાછોતરી પડવી જોઈએ તેટલી પડી નહિ તેમજ ગરમીનો કહેર પણ વહેલો શરૂ થતાં તેની વિપરીત અસરો ઉત્પાદન પર પડી છે. ૧૦ ટકા જેટલુ ઉત્પાદન ઘટ્યુ હોવાનું પણ જોવા મળ્યું છે અને તે માટે પ્રતિકૂળ હવામાન વધુ જવાબદાર જણાયુ હોવાનું ખેડૂતોનું માનવું છે.

દિવેલાનું વાવેતર પણ જિલ્લામાં ૨૨ હજાર હેક્ટર જેટલા વિસ્તારમાં થયુ હતુ. આ વખતે ગઈ વખતનું સરેરાશ ઉત્પાદન જળવાઈ રહ્યુ છે પરંતુ તેના ભાવમાં ભારે કડાકો જણાતાં ખેડૂતોમાં નિરાશા વ્યાપેલી જોવા મળી રહી છે.

બટાટાના ભાવમાં પણ આ વખતે બહુ વળતર ના રહ્યુ હોવાનું ખેડૂતો સાથેની વાતચીતમાં જાણવા મળેલ છે. જિલ્લાના મુખ્ય પાકોના ઉત્પાદનના ભાવ ના મળતાં બજારમાં પણ ઘઉંની આવક બહુ વેગીલી નહિ બની હોવાનું મનાઈ રહ્યું છે.

ગાંધીનગર માટે
આપનું LED TV, LCD TV & Colour TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી ફક્ત ફોન કરો
૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફ્લાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર
પીલર, બેનર્સ...
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com